Navgujarat Samay

EDII

May 12, 2022
Pg.4

# હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહન માટે ગુજરાત સરકાર સેતુરૂપ: મંત્રી જગદીશ વિશ્વકર્મા




**નવગુજરાત સમય >** ગાંધીનગરઃ ગાંધીનગરના ભાટમાં ઈડીઆઈઆઈ ખાતે કુટિર ઉદ્યોગ રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ હસ્તકલાના કારીગરોને સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજ્યના ગ્રામીણ અને કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ઉદ્યોગ સાહસિકતાનું વ્યવસ્થાતંત્ર વિકસાવવા સરકાર કટિબદ્ધ છે. હસ્તકલા સેતુ યોજના અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ કારીગરોની કુશળતા વધારવા માટે સેતુરૂપ બનવાનો છે. રાજ્યના ૧૩ જિલ્લાઓ યોજનાનો તબક્કાવાર અમલ થઈ રહ્યો છે. જેમાં જરૂરિયાત-આધારિત તાલીમ કાર્યક્રમો, પ્રોત્સાહન અને બજાર સાથે તેમના જોડાણને સ્થાપિત કરીને કલાકારોને ટેકો અપાઈ રહ્યો છે. કાર્યક્રમમાં કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગના સચિવ અને કમિશનર પ્રવીણ સોલંકી, ઈન્ડેક્ષ્ટ-સીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડી. એમ. શુક્લા અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા સહિત ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.